## જિલ્લાના ક્રાઇમ સમાચાર

### તુરખેડા ગામે આરોગ્ય લક્ષી ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જિલ્લા ના એસ્પિરેશનલ તાલુકા કવાંટ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - કડીપાણી ખાતે ના આયુષ્માન આરોગ્ય મંદિર - તુરખેડા ના અંતરિયાળ વિસ્તાર માં આરોગ્ય વિભાગ દ્વારા ગામ ના આગેવાનો, ગામ ના પટેલ, તેમજ ગ્રામ જનો ને ભેગા કરી ને ગ્રામ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તુરખેડા ગામ ના આરોગ્ય કર્મચારી, કવાંટ - તાલુકા આરોગ્ય અધિકારીશ્રી તેમજ જિલ્લા માથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તેમજ જિલ્લા અને તાલુકા એસ.બી.સી.સી. ટીમ હાજર રહયા ગ્રામ સભા માં એસ્પિરેશનલ તાલુકા અંતર્ગત એસ.બી.સી.સી. ટીમ દ્વારા ગ્રામ જાણો ને માતા મરણ, બાળ મરણ, કુપોષણ, એનિમિયા વિષે માહિતગાર કરવામાં આવ્યા અને ગ્રામ જનો દ્વારા રજૂ કરેલ આરોગ્ય લક્ષી કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી.

### શિનોર ગામ ખાતે આવેલી દરગાહ ખાતે ૯૭મો ઉર્સ શંદલ શરીફ યોજાયો




**શિનોર :** મુસ્લિમ બિરાદરો, હિન્દૂ ધર્મ સહિત તમામ ધર્મના આસ્થા ધરાવતા લોકો મોટી સંખ્યા માં હાજર રહ્યા.શુફી સંત મકબૂલશફી ચિસ્તી બાબાની દરગાહ પર અતૂટ શ્રદ્ધા ધરાવતા હિન્દુ મુસ્લિમ તમામ ધર્મના અનુયાયીઓ ગુજરાત મહારાષ્ટ્ર પંજાબ હરિયાણા એમ પી. રાજસ્થાન સહિતના રાજ્યો માંથી આવતા હોય છે અને તેમની મનોકામના અહીં પુરી થાય છે. સુફી સંત મકબુલસફી ચિસ્તી ની દરગાહ પર સતત 5 દિવસ થી ભંડારા સહિત શમાં મહેફિલ ના પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. ઉર્ષ ની રાત્રી દરમિયાન ભંડારો કવાલીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમા લોકો એ લાભ લઇ શુફીસંત મકબુલશફી ચિસ્તી ના દર્શન કરી ધન્યતા અનુભવી.

### કવાંટના ધનીવાડી ચાર રસ્તા પર પાંચ લાખનો વિદેશી દારૂ સાથે બે ઝડપાયા



**કવાંટ :** કવાંટ ધણીવાડી ચાર રસ્તા પર ગતરોજ બપોરે 12:00 કલાકે બાતમીના આધારે પોલીસ વિભાગ દ્વારા વોચ ગોઠવીને એક મહિન્દ્રા કંપનીની મેક્સ ફોરવીલ કાર માં તપાસ હાથ ધરતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ બીયર ટીન નંગ 3648 કિંમત 4,49,040 રૂપિયા મહેન્દ્રા કંપનીની મેક્સ ગાડી જેનો નંબર પ્લેટ લગાવેલ ન હતી તેની કિંમત પાંચ લાખ રૂપિયા રોકડ રકમ 1640 રૂપિયા મોબાઈલ ફોન નંગ ત્રણ 10,500 આમ કુલ 9,61,180 રૂપિયા મુદ્દામાલ પોલીસ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યો પકડાયેલ આરોપી જેમાં મહેન્દ્રભાઈ રસિકભાઈ રાઠવા ઉંમર વર્ષ 22 ધંધો ડ્રાઇવિંગ રહે ખડખડ ગામ ખાંડલિયા ફળિયો તાલુકો જીલ્લો છોટાઉદેપુર જેઓ મહેન્દ્રા મેક્સ ગાડીના માલિક અને ચાલક છે આરોપી નંબર બે સમુદ્ર નારસિંગ રાઠવા ઉંમર વર્ષ 45 ધંધો ક્લીનીંગ રહે જડુલી ગામ હોળી ફળિયા તાલુકો ચાંનપુર જિલ્લો અલીરાજપુર મધ્ય આમ પોલીસ વિભાગને પ્રદેશ આરોપી નંબર 3 હાત્તમભાઈ રહે છોટાઉદેપુર તાલુકો જીલ્લો છોટાઉદેપુર આરોપી નંબર 4 ઠેકાના સંચાલક અલીરાજપુર મધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે.

## પુનિયાદ-આનંદી માર્ગ પર સંરક્ષણ દિવાલ ધરાશાયી થતાં હાલાકી

# શિનોરના પુનિયાદ પંથકમા સતત વરસાદથી ખેડૂતોને ભારે નુકશાન

**ખેતરોમાં** પાણી ભરાતા ખેતીપાકને ભારે નુક્સાન વેઠતા ખેડૂતો



(પ્રતિનિધિ ) શિનોર,તા.15

શિનોર તાલુકાના પુનિયાદ ગામેચોમાસા ની ઋતુ દરમિયાન વરસેલા અતિ ભારે વરસાદ માવરસાદી પાણીના ભારે વહેણ થી, તળાવની પાળ પરનુ જુનુ ગરનાળુ ધરાશયી થવા ઉપરાંત પુનિયાદ-આનંદી માર્ગના વળાંક પરની સંરક્ષણ દિવાલ ધરાશયી થતાં માર્ગનુ તેમજ માર્ગને અડી ને આવેલા ખેતરનુ ધોવાણ થવા પામ્યુ છે

ચોમાસુની ઋતુ દરમિયાન થયેલ આ નુકશાન બાદ તાલુકા કક્ષાના વન મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત પુનિયાદ મુકામે આવેલા કરજણ ધારાસભ્ય અક્ષય પટેલે કાર્યક્રમ બાદવરસાદી પાણીના ભારે વહેણમા ધરાશયી થયેલ પુનિયાદ-આનંદી માર્ગ ના વળાંક પરની સંરક્ષણ દિવાલ તેમજ તળાવની પાળ પરખેતરોમા ભરાતા વરસાદી પાણી નો નિકલ તળાવ મા થાય તે માટે બનાવેલ જુના ગરનાળાના સ્થળની રૂબરૂ મુલાકાત લઈ ઘટતી કાર્યવાહી કરવા , જીલ્લા સિંચાઇ વિભાગ વડોદરાને તેમજ માર્ગ મકાન વિભાગ જીલ્લા પંચાયત ની ડભોઇ સ્થિત કચેરી નો ટેલીફોનીક સંપર્ક કરી સૂચના આપ્યા બાદ લેખિત પત્ર લખી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા જાણ કરી છે. ધરાશયી થયેલ સંરક્ષણ દિવાલ તેમજ તળાવ ની પાળ પર ના જુના ગરનાળા એ થી આનંદી સીમના તમામ ખેતરોમા ભરાતા વરસાદી પાણી નો નિકાલ તળાવ મા થઇ જતો હોયતંત્ર સતર્કતા દાખવીતાત્કાલિક કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગ પુનિયાદ ગામના ખેડૂતોએ કરી છે.

## પીડિત મહિલાએ પોલીસ મથકે ફરિયાદ કરી

# કુરાલમાં આડા સંબધના વહેમે પત્નિ સાથે મારઝૂડ

**પતિ** દ્વારા રોજ-બરોજ મારઝૂડ અને અત્યાચાર કરાતા મહિલાએ પોલીસનો સહારો લીધો

(પ્રતિનિધિ ) પાદરા,તા.15

પાદરા તાલુકાના કુરાલ ગામે આડા સંબંધના વહેમ રાખી પતિ પોતાની પત્નીને ફટકારતો હોવાની ફરિયાદ વડુ પોલીસ મથકે નોંધવા પામી છે.પાદરા તાલુકાના કુરાલ ગામના દંપતી વચ્ચે આડા સંબંધના વહેમથી ઝઘડો થતાં મારામારી થઈ હોવાની ફરિયાદ વડુ પોલીસમાં નોંધાવાઈ છે. મળતી વિગત અનુસાર કુરાલ ગામના સ્વામિનારાયણ મંદિર પાસે આવેલા માળી વાસમાં રહેતા ગણપત મફત માળીની ૩૫ વર્ષની પત્ની હંસાબેને વડુ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે વર્ષ ૨૦૧૨માં તેમના લગ્ન ગણપતભાઈ સાથે થયા હતા ત્યારથી દંપતિ વચ્ચે ખટરાગ રહેતો હોવાથી કોઈને કોઈ વાતે ઝઘડો થતો રહે છે. અને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવે છે. હંસાબેન કડિયા કામ કરવા માટે મજૂરીએ જાય છે ત્યારે ગણપતભાઈ તેમને તું ક્યાં ભાયડા કરવા જાય છે એમ કહી આડા સંબંધની વહેમ રાખી ઝઘડો કરે છે ગત રોજ રાત્રે ૧૧ વાગ્યે આ બાબતે ઝઘડો થતા ઢોલ ધપાટ મારી હતી અને લાકડી ભટકારી હતી અને વાળ પકડી માથાને દિવાલમાં અફડાવ્યું હોવાની ફરિયાદ હંસાબેને વડુ પોલીસ મથકે પતિ ગણપતભાઈ વિરુદ્ધ નોંધાવી હતી. આમ સમગ્ર મામલે પોલીસે ઘરેલુ હિંસામાં વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મહિલાને ન્યાય અપાવવા તજવીજ હાથ ધરી છે.

## પંથકના બાળકોને સારુ શિક્ષણ મળી રહેશે

# સંખેડાની ગરડા પ્રાથમિક શાળાના 6 ઓરડાનું ઈ લોકાર્પણ



(પ્રતિનિધિ ) સંખેડા,તા.15

વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત સંખેડા તાલુકાની ગરડા પ્રાથમિક શાળાના 80 લાખના ખર્ચે નવીન બનેલ છો વર્ગખંડોનું રાજ્ય કક્ષાના મંત્રી અન્ન અને નાગરિક સામાજિક ન્યાય અને અધિકારીતા ગુજરાત રાજ્ય વ પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે ઈ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. ગઈકાલે સોમવારના રોજ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગરડા ગામે જેમાં વિશેષ ઉપસ્થિતિ સાંસદ છોટાઉદેપુર જશુભાઈ રાઠવા, ધારાસભ્ય છોટાઉદેપુર રાજેન્દ્રસિંહ ભાઈ રાઠવા, ધારાસભ્ય સંખેડા અભેસિંહ તડવી છોટાઉદેપુર જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ , પ્રેરક ઉપસ્થિતિ સાંસદ જેતપુર પાવી જયંતીભાઈ રાઠવા આપેલ હતી. સ્થાનિક કક્ષાએ જિલ્લા પંચાયતના સભ્ય અરુણાબેન સંખેડા તાલુકા પંચાયતના પ્રમુખ દિપીકાબેન તડવી ગરડા ગ્રામના સરપંચ હેમુબેન જિલ્લા સંગઠન ઉપપ્રમુખ પ્રવીણભાઈ બારિયા ના હસ્તે ગરડા પ્રાથમિક શાળાના 80 લાખ ના ખર્ચ નવીન બનેલ 6 વર્ગખંડોનું ઈ લોકાર્પણ કરવામાં આવ્યું.

## ડ્રોનને લઇ અફવાઓનુ બજાર ગરમ થયુ હોવાથી અનેક લોકોમાં તર્કવિતર્ક સર્જાયા

# મંજુસર પોલીસ મથકની હદના વિસ્તારોમાં રાત્રિના સમયે શંકાસ્પદ ડ્રોનથી ભયનો માહોલ

(પ્રતિનિધિ ) સાવલી,તા.15

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદના વિસ્તારોમાં રાત્રિના સમયે શંકાસ્પદ ડ્રોન ઉડતા દેખાતા પંથકવાસીઓમાં છૂપો ડર પ્રસરી ગયો છે જ્યારે મંજુસર પોલીસ દ્વારા ડ્રોન બાબતે પ્રજા ને કોઈપણ જાતની અફવા કે ગેરમાર્ગે ન દોરાવવા અપીલ કરી છે

સાવલી તાલુકાના મંજૂસર પંથક સહિત તાલુકાના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિના સમયે ચોર ચોર ની બૂમો ઉઠવા પામી છે સાથે સાથે છેલ્લા અઠવાડિયાથી ભેગી રીતે તાલુકાના આકાશમાં આઠથી દસ જેટલા ડ્રોન ચક્કર મારતા જોવા મળ્યા છે તેના પગલે ટુંડાવ અલીન્દ્રા લામડાપુરા શિવપુરા મંજુસર પાલડી નમીસરા બહુથા કરચિયા લસુંન્દ્રા અંજેસર કુંનપાડ જેવા ગામોમાં ડ્રોન દેખા દેતા નાગરિકો અજાણ્યા ડરથી ફફડી રહ્યા છે

સદર બાબતે મંજુસર પોલીસ મથકના પી આઇ આઈ કૌશિકભાઈ સિસોદિયા ને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે પોલીસ વિભાગના ધ્યાને પણ ડ્રોન ઉડી રહ્યા છે તે બાબત આવી છે અને આ બાબતે એલ આઈ બી વિભાગને જાણ કરીને માહિતી મેળવવામાં આવી છે પરંતુ પોલીસ વિભાગમાં આવી કોઈ જાણકારી નથી સાથે સાથે સાવલી તાલુકા અને તેને અડીને આવેલા વિસ્તારોમાં વિવિધ ટેકનિકલ કોલેજો તેમજ એરફોર્સ અને અન્ય સંસ્થાઓ આવેલી છે તો તેઓ પણ આ ડ્રોન ઉડાડતા હોય તેવું બની શકે પરંતુ આ કોઈ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ નથી માટે પ્રજાએ પેનિક થવાની કે ડરવાની જરૂર નથી પોલીસ વિભાગ આ મુદ્દે બિલકુલ સતર્ક છે અને જો કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ કે ઈસમ ધ્યાને આવે તો પોલીસ વિભાગને જાણ કરવા અપીલ કરી છે

જ્યારે બિન સત્તાવાર રીતે સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ મંજુસર પોલીસ મથકની હદમાં જ એક ઓઈલ કંપની નું ટેન્ક ફાર્મ આવેલું છે અને તેઓની વિવિધ પાઈપ લાઈનો તાલુકામાંથી પસાર થાય છે તો આ પાઈપલાઈન ઉપર સુપર વિઝન માટે ડ્રોન ઉડી રહ્યા છે તેવું જાણવા મળી રહ્યું છે પરંતુ હાલ ડ્રોન મુદ્દે અફવાઓનું બજાર ભારે ગરમ છે પરંતુ હાલ તાલુકાના આકાશમાં ઉડતા ડ્રોન મુદ્દે પ્રજાજનો ભારે ડર અને ભયભીત થયા છે

## છોટાઉદેપુર ખાણ ખનીજ વિભાગનો સપાટો

# વિવિધ વિસ્તારોમાંથી રેતી ખનન કરતા 12 ટ્રેક્ટર ઝડપી પાડ્યા



(પ્રતિનિધિ ) છોટાઉદેપુર,તા.15

છોટાઉદેપુર જિલ્લા કલેકટર અનિલ ધામેલીયા તથા ભૂસ્તરશાસ્ત્રી તનવીર ,જે, સૈયદ ના આદેશ અનુસાર જિલ્લામાં બિન અધિકૃત રેતી ખનન અને વહન કરતું અટકાવવા માટે જિલ્લા ખનીજ વિભાગની ટીમને આદેશ આપવામાં આવ્યો છે જેને અનુલક્ષી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા છેલ્લા અઠવાડિયામાં મોજે. ગુડા-અલ્સિપુર ,સિહોદ, સીમલીયા, માકણી ,વિસ્તાર ખાતેથી ભૂસ્તરશાસ્ત્રીની કચેરીની ટિમ દ્વારા સાદી રેતી ખનિજનું બિનઅધિકૃત ખનન અને વહન કરતા કુલ ૧૨ ટ્રેક્ટરો સિઝ કરી, આશરે રૂપિયા ૬૦ લાખનો મુદ્દામાલ ઝપ્ત કરવામાં આવ્યો હતો છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી નદી ઓરસંગ નદી ની રેતી ગુજરાત સહિત ગુજરાતી બહાર જાય છે.

અને રેતી ખૂબ પ્રખ્યાત છે છોટાઉદેપુર ખાણ ખનીજ વિભાગ ટીમ દ્વારા જિલ્લાના અલગ અલગ વિસ્તારમાંથી બિન અધિકૃત રેતી ખનન કરતા ટ્રેક્ટરો ઝડપી પાડ્યા હતા અને કાર્યવાહી કરવામાં આવી હતી અને અંદાજિત 60 લાખ કરતા વધુનો મુદ્દા માલ જપ્ત કર્યો છે અને ધારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જોવું એ રહ્યું કે શું ખનીજ વિભાગ દ્વારા એ ટ્રેક્ટર જ્યાંથી પકડ્યા એ વિસ્તાર જોઈ ક્યાંથી ભરવામાં આવ્યું અને કઈ જગ્યાએ નાખવા જતા હતા એની તપાસ હાથ ધરી સામે લાવવામાં આવશે.

## સાવલી તાલુકાના ત્રણેય પોલીસ મથકની હદમાં ઝડપાયેલા 20લાખથી વધુના વિદેશી દારૂના જથ્થાનો નાશ



**સાવલી :** સાવલી તાલુકાના ડેસર ભાદરવા તેમજ સાવલી પોલીસ મથકની હદમાં ઝડપાયેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૨૧૬ નંગ બોટલો રૂપિયા ૨૦,૦૪૧૫૦ ના મુદ્દા માલ પર રોલર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો જેમાં પ્રાંત ઓફિસર જિલ્લા નાયબ પોલીસવડા આબકારી નશાબંધી અને ત્રણેય પોલીસ મથકના અધિકારીઓ અને સ્ટાફની હાજરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવલી પોલીસ મથકની ૧૪૨૬૦ નંગ બોટલ રૂપિયા ૧૫,૬૦૦૬૫ ડેસર પોલીસ મથકની ૨૭૪૯ નંગ બોટલ રૂપિયા ૨,૯૩૯૨૫ અને ભાદરવા પોલીસ મથકની ૧૨૦૭ નંગ બોટલ રૂપિયા ૧,૫૦૧૬૦ મળી કુલ ૧૮૨૧૬ નંગ બોટલો રૂપિયા ૨૦,૦૪૧૫૦ ના મુદ્દા માલ પર રોલર ફેરવીને ભૂકકો કરી રાખવામાં આવી હતી અને ત્યારબાદ ખાડો ખોદીને દબાવી દેવામાં આવી હતી

# 2021માં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપીને પોકસો હેઠળ 20 વર્ષની કેદ ફટકારતી સાવલી કોર્ટ

(પ્રતિનિધિ ) સાવલી,તા.15

સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકે 2021 ની સાલમાં સગીરા સાથે દુષ્કર્મના આરોપીને પોસકો સહિતની વિવિધ કલમો હેઠળ તકસીરવાર ઠેરવીને આરોપીને 20 વર્ષની સજા અને 58,000 નો દંડ ફટકાર સાવલી ની પોકસો કોર્ટે ફટકારતા ચકચાર મચી જવા પામી છે 2021 ની સાલમાં ભાદરવા પોલીસ મથકે 13 વર્ષીય સગીરાને પિતાના વાલી પણા માંથી ભગાડી જવાની ફરિયાદ નોંધાઈ હતી ફરિયાદના આધારે પોલીસે આરોપી બીપીન ગોકળભાઈ બારીયા રહે એરાલ તા કાલોલ જી પંચમહાલ ની ધરપકડ કરીને પોલીસે જેલ ભેગો કર્યો હતો આરોપી સગીરાને પિતાના વાલીપણાં માંથી ભગાડી જઈને બે મહિના સુધી પોતાના કબજામાં રાખીને વારંવાર દુષ્કર્મ આચાર્યું હતું પોલીસે પોક્સો અપહરણ બળાત્કાર અને સગીરાને ભગાડી જવા સહિતની કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. જેનો કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ જે એ ઠક્કર ની કોર્ટ માં ચાલી જતાં સરકારી વકીલ સી જી પટેલની ધારદાર દલીલોના ગ્રાહ્ય રાખીને આરોપીને તકસિર વાર ઠેરવ્યો હતો અને પોકસો ના ગુનામાં20 વર્ષની સખત કેદ ની સજા અને ૫૦ હજાર નો દંડ ફટકાર્યો હતો જ્યારે અપહરણ ના ગુનામાં ત્રણ વર્ષની સજા અને 3000 નો દંડ જ્યારે સગીરાને ભગાડી જવાના ગુનામાં પાંચ વર્ષની સજા અને પાંચ હજારનો દંડ ની સજા ફટકારી છે આમ 20 વર્ષની સજા સળંગ ભોગવવાની અને કુલ 58000 નો દંડ આરોપીને ફટકાર્યો છે તથા જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટી ને પીડિતાને વિકટીમ કોમ્પનશેસન સ્કીમ હેઠળ ચાર લાખની સહાય ચૂકવવા તેમજ આરોપી જે દંડ ભરે તે ચૂકવવા ભલામણ કરી છે જ્યારે આરોપીને સજા સુનાવતા તેના પરિવારજનોમાં ભારે સન્નાટો મચી ગયો હતો.

# ડુંગળી-ટામેટા-બટેટાનાં ભાવ આસમાને પહોંચતા ગરીબ-મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું

(પ્રતિનિધિ ) પાદરા,તા.15

રસોડાની શાન એવી આ ત્રિપુટી ડુંગળી-ટામેટા-બટેટાના બેફામ ભાવવધારાથી સામાન્ય પરિવારની હાલત કફોડી બની છે. હાલ શાકભાજી ના ભાવ આસમાને છે ત્યારે તેની સાથે સાથે ડુંગળી-ટામેટા-બટેટા ના ભાવો માં પણ ધરખમ વધારો થવા પામ્યો છે. ડુંગળી-ટામેટા-બટેટાનાં ભાવ આસમાને પહોંચતા ગરીબ-મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું છે. ટામેટાના ભાવમાં વધારો ફરી એકવાર રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. છુટક બજારમાં ૧૪૦ થી ૨૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાતા ટામેટા નવરાત્રિના નહી પરંતુ મોંઘવારીના ડાકલા વગાડી રહ્યા છે. માત્ર ટામેટા જ નહીં ગરીબોની કસ્તુરી એવી ડુંગરીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ૮૦ રૂપિયે કિલોના ભાવે પહોંચી ડુંગળી ગૃહીણીઓને રાતા પાણીએ રડાવી રહી છે. એની સાથે સાથે બટાકા પણ પાછળ રહ્યા નથી. અને ૫૦ થી ૫૫ રૂપિયે કીલો વેચાતા બટાકાએ ગૃહિણીઓના બજેટ ખોરવી કાઢયા છે. દરેક રસોડાની શાન એવા ડુંગળાં બટાકા અને ટામેટામાં બેફામ ભાવથી મધ્યમ વર્ગની કમર તુટી છે

નાસિકની આસપાસના ખેતીવાળા વિસ્તારોમાં ટામેટાના પાકને કમોસમી વરસાદ અને વાયરસના હુમલાને કારણે અચાનક ભાવ વધારો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. આના કારણે પુરવઠામાં નોંધાપાત્ર ઘટાડો થયો છે. જેના પ્રતાપે એક સપ્તાહની અંદુર જ ધરખમ ભાવ વધારો થયો છે. ૨૦ કિલોના ટામેટાના કેરેટ હવે ફાર્મ માર્કેટમાં રુા.૧૦૦૦થી રુા.૧૨૦૦ મળી રહ્યા છે. આ ઉછાળાથી પાદરામાં ટામેટાંના છુટક ભાવ રૂા.૧૦૦ થી રુા.૧૨૦ સુધીના થઈ ગયા છે. સ્થાનિક બજારોમાં નીચલા ગ્રેડના ટામેટા રુા.૮૦ થી રુ.૯૦ પ્રતિ કિલોના ભાવે વેચાઇ રહ્યા છે.